# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी-वेरावलम्

રાજેન્દ્રભુવન રોડ, વેરાવળ, જિ.ગીર–સોમનાથ–૩૬૨૨૬૬ ફોન.૦૨૮૭૬–૨૪૪૫૩૨/૨૮

## –:: એક્ષ્ટર્નલ (બાહ્ય) શાસ્ત્રી(બી.એ.) સેમેસ્ટર–૧, અને આચાર્ય (એમ.એ.) સેમેસ્ટર–૧ કક્ષાના પ્રવેશ/પરીક્ષા માટે આવેદનપત્ર અંગેની અગત્યની જરૂરી સુચનાઓ ::–

| :: ખાસ સૂચના :: | |
|---|---|
| (૦૧) | શાસ્ત્રી(બી.એ.) કક્ષામાં પ્રવેશ મળ્યા બાદ સમગ્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો ૦૫ (૩+૨) વર્ષ રહેશે. આચાર્ય (એમ.એ.) કક્ષામાં પ્રવેશ મળ્યા બાદ સમગ્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો ૦૪ (૨+૨) વર્ષ રહેશે. જો વિદ્યાર્થી મહત્તમ સમયગાળામાં અભ્યાસક્રમ પૂર્ણ નહી કરે તો યુનિવર્સિટીના નિયમાનુસાર પુનઃરજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. |
| (૦૨) | બાહ્ય વિદ્યાર્થીઓએ સ્વાધ્યાયકાર્યો(Assignment) ટૂંક સમયમાં વેબસાઈટ ઉપર રાખવામાં આવશે, જેની સાથે રાખવામાં આવેલ તમામ સુચનાઓનો અભ્યાસ કરી પાલન કરવું ફરજીયાત છે. ***સ્વાધ્યાયકાર્યો વિદ્યાર્થીઓએ પરીક્ષાકેન્દ્ર પર પરીક્ષાના પ્રથમ પેપરના દિવસે જમા કરાવ્યા બાદ પરીક્ષામાં બેસવાને પાત્ર ગણાશે. સ્વાધ્યાયકાર્યો જે વિદ્યાર્થીઓ અપૂરતા કે જમા કરાવેશ નહી તેમને યુનિ.ના નિયમોનુસાર બેસવા દેવામાં આવશે નહી.*** |

૦૧. આગામી લેવાનાર શાસ્ત્રીકક્ષા પ્રથમ સેમેસ્ટર તેમજ આચાર્ય કક્ષાના પ્રથમ સેમેસ્ટર ના બાહ્ય (એક્ષ્ટર્નલ) સેમેસ્ટર પધ્ધતિના વિદ્યાર્થીઓએ જ ફક્ત આ પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે.

૦૨. **શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧– ૨૨ થી શાસ્ત્રી તથા આચાર્યકક્ષામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે. તથા તે પહેલા શાસ્ત્રી તથા આચાર્યકક્ષામાં પ્રવેશ લીધેલ રીપીટર વિદ્યાર્થીઓએ જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે.**

૦૩. જે વિદ્યાર્થીઓ શાસ્ત્રીકક્ષા પ્રથમ અને તૃતીય અને પાંચમા સેમેસ્ટર તેમજ આચાર્ય કક્ષામાં પ્રથમ તથા તૃતીય સેમેસ્ટરમાં થીઅરી પરીક્ષામાં નાપાસ હોય તેઓ રિપીટર વિદ્યાર્થી તરીકેનું પરીક્ષા ફોર્મ નિયત ફી સાથે ભરી શકશે. **પરંતુ જે વિદ્યાર્થીઓએ માત્ર શાસ્ત્રીકક્ષા પ્રથમ અને તૃતીય અને પાંચમા સેમેસ્ટર તેમજ આચાર્ય કક્ષામાં પ્રથમ તથા તૃતીય સેમેસ્ટરમાં સ્વાધ્યાયકાર્ય જમા કરાવેલ નથી અથવા તો સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ છે તેમણે યુનિવર્સિટી ખાતે રૂબરૂ અરજી સાથે સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના રહેશે.** જેની ખાસ નોંધ લેશો.

૦૪. જે વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી દ્વારા નકકી થયેલ નિયમ પ્રમાણે નહી હોય અથવા તો અધુરી/ખૂટતી વિગતવાળા હશે, ડોકયુમેન્ટ પુરા જોડવામાં આવેલ નહી હોય તો પરીક્ષા ફોર્મ રદ કરવામાં આવશે **તેમજ પરીક્ષા ફી પરત મળશે નહી.**

૦૫. પ્રવેશાર્થીએ પરીક્ષાના નિયત ફોર્મમાં તમામ વિગતો સંપૂર્ણપણે ભરીને તથા નિયત કરેલ ફીનું ચલણ અને જરૂરી બિડાણો સાથે નિયત કરેલ **તારીખ સુધીમાં યુનિવર્સિટીને કુરિયર અથવા સ્પીડ પોસ્ટ કે રજી.એડી.થી જ મોકલવું.** સ્પીડ પોસ્ટ કે રજી.એડી.થી મોકલેલ ફોર્મ માટે ફોર્મ મળ્યા અંગેની ટેલીફોનીક પુછપરછ કરવી નહી, તથા સ્પીડ પોસ્ટ કે રજી.એડી.થી મોકલેલ ફોર્મ માટે ફી રીસીપ્ટ અલગથી મોકલવામાં નહી આવે જેની ખાસ નોંધ લેશો.

**૦૬. પ્રવેશ/પરીક્ષા ફોર્મ કોઈપણ કારણોસર યુનિવર્સિટીને છેલ્લી તારીખ બાદ મળશે તો તેનો સ્વિકાર કરવામાં આવશે નહિ તથા છેલ્લી તારીખ બાદ મળેલ ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહી અને તેની કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર તે ફોર્મ રદ થઈ જશે જેની નોંધ લેશો.**

૦૭. જે તે કક્ષાની નિયત કરેલ ફી માટે AXIS EASY PAY મારફતે ઓનલાઈન ભરવાની રહેશે, જેની માર્ગદર્શિકા (USER MANUAL) યુનિવર્સિટીની વેબસાઈટ **www.sssu.ac.in** ઉપર ઉપલબ્ધ છે. **જેની રીસીપ્ટની એક નકલ ફોર્મ મોકલતી વખતે સામેલ રાખી મોકલવી ફરજીયાત છે** જે સામેલ નહી હોય તો ફોર્મ રદ થવા પાત્ર ગણાશે.

૦૮. **જે વિદ્યાર્થીએ માઈગ્રેશન જમા નથી કરાવેલ તેઓએ માઈગ્રેશન ફોર્મ સાથે મોકલવાનું રહેશે અન્યથા ગુણપત્રક(માર્કશીટ) અનામત રહેશે.**

૦૯. જે વિદ્યાર્થીઓને છેલ્લે કરેલ અભ્યાસથી એક વર્ષથી વધારે વર્ષનો ગેપ હોય (અભ્યાસ ન કર્યો હોય) તેમણે આ વર્ષો દરમ્યાન કોઈ અભ્યાસ નથી કર્યો તેવું અથવા શું કર્યુ તે અંગેનું ૨૦/–રૂા.નાં સ્ટેમ્પ ઉપર સોગંદનામું ફોર્મ સાથે રજૂ કરવાનું રહેશે, જે નહી હોય તો તેવા વિદ્યાર્થીનું ફોર્મ આપો આપ રદ થઈ જશે.

૧૦. જે વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧માં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત સંસ્થા અથવા સંલગ્ન મહાવિદ્યાલયમાં કોઈપણ ડિગ્રી અભ્યાસક્રમમાં એટલે કે શાસ્ત્રી ૧,૨,૩ અને આચાર્ય ૧,૨માં એનરોલ થયેલા હોય તેવા નિયમિત વિદ્યાર્થીઓ બાહ્ય અધ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો જે–તે મહાવિદ્યાલયમાંથી નિયમિત વિદ્યાર્થી તરીકેનો પ્રવેશ રદ કરી આ અંગેનું આચાર્યશ્રીની સહી/સિકકા વાળું ઓરિજનલ પ્રમાણપત્ર ફોર્મ સાથે જોડવાનું આવશ્યક રહેશે.

૧૧. **નોકરીમાં ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓએ સંસ્થાના વડાનું "ના વાંધા પ્રમાણપત્ર" ફોર્મ સાથે આપવાનું રહેશે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયમાં અધ્યાપન કરાવતા અધ્યાપકશ્રીઓ માટે પરીક્ષા કેન્દ્ર વેરાવળ રહેશે.**

૧૨. શાસ્ત્રી સેમેસ્ટર– ૦૧ થી ૦૬ તથા આચાર્ય સેમેસ્ટર– ૦૧ થી ૦૪ બાહ્ય વિદ્યાર્થીનો અભ્યાસક્રમ નિયમીત વિદ્યાર્થી પ્રમાણે રહેશે, જે અભ્યાસક્રમ તથા અન્ય માર્ગદર્શિકા યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે, ફોર્મ ભરતી વખતે અભ્યાસક્રમ બાબતે માર્ગદર્શનની જરૂર જણાય તો જે પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાનાં છો તે પરીક્ષા કેન્દ્રનાં આચાર્યશ્રીનું રૂબરૂમાં માર્ગદર્શન મેળવવું.

૧૩. **અસાઈનમેન્ટ બાબતે તથા એક્ષ્ટર્નલ પરીક્ષા બાબતેની અન્ય બાબતો સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઈટ www.sssu.ac.in** ઉપર **મુકવામાં આવશે, જેથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું.**

૧૪. પરીક્ષાર્થીએ આવેદનપત્ર અને ઓળખપત્ર પર પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો તથા તે ફોટાની ઓળખ માટે ડ્રાઈવીગ લાયસન્સ/ ચૂંટણી કાર્ડ/પાનકાર્ડ/આધારકાર્ડ અથવા કોઈ ઓળખપત્ર પૈકી કોઈ એકની સ્પષ્ટ ઝેરોક્ષ નકલ સ્વ પ્રમાણિત કરીને જોડવાની રહેશે.

**૧૫. ફોર્મમાં વિદ્યાર્થીએ પોતાના પત્રવ્યવહારનું પુરૂ સરનામું કોન્ટેકટ નંબર સાથે લખવાનું રહેશે, અધુરા સરનામાના કારણે પત્ર ન મળવા બાબતે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહી.**

**૧૬. માધ્યમ :: શાસ્ત્રી કક્ષા સેમેસ્ટર–૦૧માં ઉત્તરની ભાષા ગુજરાતી, સંસ્કૃત અથવા હિન્દીમાંથી કોઈપણ એક રહેશે. તથા તે સીવાયની તમામ કક્ષાઓ (શાસ્ત્રી સેમે.૦૨ થી ૦૬ અને આચાર્ય સેમે.૦૧ થી ૦૪ કક્ષા)માં પ્રશ્નપત્ર તથા ઉત્તરની ભાષા સંસ્કૃત રહેશે.** જયારે ગુજરાતી,હિન્દી, અંગ્રેજી, કમ્પ્યુટર જેવા વિષયોમાં ઉત્તરની ભાષા વિષય સંબધિત ભાષા રહેશે. જયારે સમાજશાસ્ત્ર/અર્થશાસ્ત્રના વિષયોનું માધ્યમ ગુજરાતી અથવા હિન્દી રહેશે.

૧૭. સંપૂર્ણ ભરેલા આવેદનપત્રો યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને પરીક્ષા નિયામકશ્રીના નામે **શાસ્ત્રી કક્ષાના** તથા **આચાર્ય કક્ષાના** વિદ્યાર્થીઓ માટે છેલ્લી તારીખ :**૧૦/૧૧/૨૦૨૧** (લેઈટ ફી સાથે તા.**૧૬/૧૧/૨૦૨૧**) સુધીમાં મળે તે રીતે પહોંચાડવાના રહેશે, ત્યારબાદ આવેદન પત્રો સ્વીકારવામાં આવશે નહી.

## પરિશિષ્ટ–૧ પ્રવેશ લાયકાત અને બાહ્ય કક્ષામાં પરીક્ષા ફોર્મ સાથે જોડવાના ફરજીયાત ડોકયુમેન્ટ

| અભ્યાસક્રમનું નામ | પ્રવેશ માટેની લાયકાત |
|---|---|
| શાસ્ત્રી પ્રથમ વર્ષ (સેમે.૦૧) | ધોરણ–૧૨/મધ્યમા સંસ્કૃત/સમકક્ષ પરીક્ષા પાસ / આધાર કાર્ડ ની નકલ |
| શાસ્ત્રી પ્રથમ વર્ષ (સેમે.૦૧) રિપીટર | શાસ્ત્રી પ્રથમ વર્ષના સેમે.૦૧ તથા ૦૨ની માર્કશીટ અથવા સ્ટેટમેન્ટ ઓફ માર્કસ |
| આચાર્ય પ્રથમ વર્ષ(સેમે.૦૧) | B.A.□સંસ્કૃત/ શાસ્ત્રી તૃતીય વર્ષ / સ્નાતક મુખ્યવિષય સંસ્કૃત સાથે. |
| આચાર્ય પ્રથમ વર્ષ(સેમે.૦૧) રિપીટર | આચાર્ય પ્રથમ વર્ષના સેમે.૦૧ તથા ૦૨ની માર્કશીટ અથવા સ્ટેટમેન્ટ ઓફ માર્કસ |

## પરિશિષ્ટ–૨ પરીક્ષા કેન્દ્રની યાદી

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું |
|---|---|
| ૦૧ | યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ,રાજેન્દ્ર ભુવન રોડ, મુ.વેરાવળ,જી.ગીર સોમનાથ, ફોનનં.02876-244533 |
| ૦૨ | શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ, સોલા, હાઈકોર્ટ રોડ – અમદાવાદ ફોન નં.079-27661716 |
| ૦૩ | શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય, કુંભારીયા રોડ, મુ. અંબાજી,તા.દાંતા, જી.બનાસકાંઠા, ફોનનં.02749-262736 |
| ૦૪ | શ્રી વિ.ઠા.ચોકસી સુર્યપુર સંસ્કૃત મહાવિદ્યાલય, કવિ નર્મદ ચકલો, અમલી રાન, સુરત ફોનનં.0261-2452546 |
| ૦૫ | શ્રી બ્રમ્હર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, બ્રમ્હર્ષિ સંસ્કાર ધામ, ડાકોર રોડ, મુ.નડીયાદ, ફોનનં.0268-2566759-60 |
| ૦૬ | શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય, શ્રી સાંદીપની વિદ્યાનિકેતન, એરોડ્રામ રોડ, મુ.પોરબંદર, ફોનનં. 94270 83388 |

## પરિશિષ્ટ–૩ પરીક્ષા ફી (બાહય સેમેસ્ટર પધ્ધતિ)ની વિગત

| **અભ્યાસક્રમનું નામ** | **પરીક્ષા ફીની રકમ રૂા. તા.૧૦/૧૧/૨૦૨૧ સુધી** | **પરીક્ષા ફી + લેઈટ ફી(૫૦૦ રૂા.) સાથે તા.૧૬/૧૧/૨૦૨૧ સુધી** |
|---|---|---|
| શાસ્ત્રી કક્ષા (સેમેસ્ટર–૦૧/ | 1000/- | 1000/- + 500/- = 1500 |
| શાસ્ત્રી કક્ષા (સેમેસ્ટર–૦૧/ રિપીટર | 1000/- | 1000/- + 500/- = 1500 |
| **અભ્યાસક્રમનું નામ** | **પરીક્ષા ફીની રકમ રૂા. તા.૧૦/૧૧/૨૦૨૧સુધી** | **પરીક્ષા ફી + લેઈટ ફી(૫૦૦ રૂા.) સાથે તા.૧૬/૧૧/૨૦૨૧સુધી** |
| આચાર્ય કક્ષા (સેમેસ્ટર–૦૧/ | 1250/- | 1250/- + 500/- = 1750 |
| આચાર્ય કક્ષા(સેમેસ્ટર–૦૧/રિપીટર | 1250/- | 1250/- + 500/- = 1750 |

**(ડો. દશરથ જાદવ)**
**કુલસચિવ**